પુરક પ્રશ્નો

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત

| પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી કેયુરભાઇ રોકડીયા  સયાજીગંજ વડોદરા | |
|---|---|
| ૦૧ | કારખાનામા થતા અકસ્માતો ઘટાડવા માટે સરકાર દ્વારા શા પગલા લેવામા આવે છે? |
| જવાબ | કારખાનામા થતા અકસ્માતો ઘટાડવા માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અંતર્ગત  નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા વિવિધ કાયદાઓનુ અમલીકરણ કરાવવામા આવે છે તે અંતર્ગત<br>• કારખાનની તપાસણી કરવામા કરવામા આવે છે. તપાસણી વખતે કારખાના ધારા હેઠળની વિવિધ જોગવાઇઓનુ નીરીક્ષણ કરવામા આવે છે અને જો તેમા કોઇ ક્ષતિ માલુમ પડે તો કારખાનેદારને કારણદર્શક નોટીસ આપીન કાયદાનુ પાલન કરાવડાવવામા આવે છે અને જો પાલન ન કરવામા આવે તો નામદાર કોર્ટમા ફોજદારી કેસ દાખલ કરવામા આવે છે. જે અન્વયે સમગ્ર રાજ્યમા વર્ષ ૨૦૨૩ મા કુલ-૩૯૦૧ ફોજદારી કેસો નામદાર કોર્ટમા દાખલ કરવામા આવે છે.<br>• આ ઉપરાંત   કારખાનામા થતા અકસ્માતો ઘટાડવા માટે વિવિધ સલામતીના કાર્યક્રમો કરવામા આવે છે. જે અંતર્ગત  સમગ્ર રાજ્યમા વર્ષ ૨૦૨૩ મા કુલ-૭૨૨  સલામતીના કાર્યક્રમો કરવામા આવેલ છે જેમા કુલ ૩૫૦૧૬ શ્રમયોગીઓએ ભાગ લીધેલ છે.<br>• આ ઉપરાંત કારખાનામા ઉત્કૃષ્ટ કામગીરી કરનાર  શ્રમયોગીને રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે શ્રમ એવોર્ડ એનાયત કરવામા આવે છે.<br>• આ ઉપરાંત જે જિલ્લામાં અતિ જોખમી કારખાનાઓ આવેલ હોઇ તેવા જિલ્લામાં કારખાનાઓમા જો કોઇ ઇમરજન્સી  ઉપસ્થિત થાય તો તેવા વખતે તેને પહોચી વળવા દર વર્ષે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલ ડીસ્ટ્રીકટ કાઇસીસ ગ્રુપ દ્વારા જિલ્લાના |

| | |
|---|---|
| | ઓફસાઇટ પ્લાનનુ રીહર્સલ કરવામા આવે છે.<br>• સમગ્ર રાજ્યમા વર્ષ-૨૦૨૧ મા નોધાયેલ કુલ ૪૫૯૨૦ કારખાનોમાં અકસ્માત થતા  કુલ ૨૪૪ શ્રમયોગીઓનુ અકસ્માતે મૃત્યુ થયેલ, વર્ષ-૨૦૨૨ મા નોધાયેલ કુલ ૪૭૭૬૨ કારખાનોમાં અકસ્માત થતા કુલ ૨૩૮ શ્રમયોગીઓનુ અકસ્માતે મૃત્યુ થયેલ અને  વર્ષ-૨૦૨૩ મા નોધાયેલ કુલ ૪૯૨૪૬ કારખાનોમાં અકસ્માત થતા  કુલ ૨૩૨ શ્રમયોગીઓનુ અકસ્માતે મૃત્યુ થયેલ જે દર્શાવે છે કે સરકારના સઘન પ્રયત્નોને લીધે રાજ્યમા  થતી  ઓદ્યોગિક ક્ષેત્રની વિકાસલક્ષી યાત્રામા કારખાનાઓની સંખ્યામા જોવા મળતા ઉત્તરોતર વધારાની સામે અકસ્માતોમા થતી જાનહાનિમા ઘટાડો જોવા મળેલ છે.<br>• કારખાનામાં થતા પ્રાણઘાતક અકસ્માતમાં નિરંતર ઘટાડો થયેલ છે. કારખાનામાં થતા પ્રાણઘાતક અકસ્માતનો દર છેલ્લા ૨૦ વર્ષમાં દર ૧૦૦૦ શ્રમયોગીએ સરેરાશ ૦.૧૪ હતો જે ઘટીને વર્ષ ૨૦૨૩માં ૦.૦૯ થયેલ છે. |

| પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી ચૈતન્યસિંહ ઝાલા પાદરા | |
|---|---|
| ૦૨ | **કારખાનામા અક્સ્માતનો બનાવ બને છે તેવા કિસ્સામા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામા આવે છે ?** |
| જવાબ | કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનાઓમા અક્સ્માતનો બનાવ બને ત્યારે કારખાના ધારા હેઠળ નિમાયેલ અધિકારી દ્વારા વિગતવાર તપાસ કરી કારખાના ધારા તથા તે હેઠળ ઘડાયેલ નિયમ હેઠળ ની જે જોગવાઇઓનો ભંગ થતો હોઇ તે અંગે કારખાનેદાર સામે કારખાના ધારા ની કલમ-૧૦૫ હેઠળ મળેલ સત્તાની રૂએ નામદાર કોર્ટ સમક્ષ ફોજદારી કેસ દાખલ કરવામા આવે છે. |